# GMC Launches "*Gandhinagar E-Waste Project*" on the occasion of World Environment Day




કોઈ પણ ઘર વપરાશ કે ઔદ્યોગીક સંસાધનો જેમાં વાયર (તાર), પ્લગ, બેટરી હોય અથવા તે વીજળીથી ચાલતી હોય જેવાકે માહિતી પ્રૌદ્યોગિકી અને દૂરસંચારના સાધનો (કોમ્પ્યુટર, લેપટોપ, પ્રિન્ટર, ટાઈપરાઈટર, ફોન) અને કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક (ટેલિવિઝન, એર કંડીશ્નર, વૉશિંગ મશીન), જે તમે કદાચ ફરીથી ક્યારેય વાપરવાના ના હોવ તે વસ્તુનો સમાવેશ ઇ-વેસ્ટ માં થાય છે.

આધારભુત સુત્રોના અહેવાલ અનુસાર ભારતમાં દર વર્ષે અંદાજે 3 મીલીયન મેટ્રીક ટન ઇ-વેસ્ટ પેદા થાય છે. જેમાં મુખ્યત્વે કોમ્પ્યુટરના સાધનો તથા મોબાઇલ જેવા ઉપકરણો વધુ હોય છે. આવા વધતા જતા ઉપકરણો ના વપરાશના કારણે અહેવાલમાં જણાવ્યા મુજબ વર્ષ 2050 માં ભારતમાં આશરે 100 મીલીયન મેટ્રીક ટન ઇ-વેસ્ટનું નિર્માણ થશે.

ઇલેક્ટ્રીક સાધનો ધાતુ અને પ્લાસ્ટીકના બનેલા હોય છે જેમાં ધાતુની હાનીકારક અશુદ્ધિઓ જેવી કે લીડ (સીસુ) હોય છે. આવા ઇ-વેસ્ટનો નિકાલ અયોગ્ય રીતે કરતા મોટા ભાગનો કચરો બાળી નાખવામાં આવે છે અથવા તો લેન્ડફિલમાં નાખવામાં આવે છે, જે પ્રદુષણ ફેલાવે છે, જે મનુષ્યના સ્વાસ્થ્ય અને પર્યાવરણ માટે જોખમી છે અને જેના થકી મૂલ્યવાન સંસાધનોનો બગાડ થાય છે.

આવા ઇ-વેસ્ટને અન્ય જૈવિક કચરા સાથે નિકાલ કરવામાં આવે તો તેમાંથી હાનિકારક ઝેરી તત્વો પર્યાવરણમાં છુટા પડે છે અને તેને પ્રદુષિત કરે છે.

ઇ-વેસ્ટનો જો અયોગ્ય રીતે નિકાલ કરવામાં આવે તો તે સ્વાસ્થય અને પર્યાવરણ પ્રદુષણની ગંભીર સમસ્યાઓ ઉભી કરે છે. આવા ઇ-વેસ્ટના યોગ્યરીતે, E-Waste Management Rules,2016 ના પ્રમાણે નિકાલ કરવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા ના વિસ્તારમાંથી ઇ-વેસ્ટ નો ઉપાડ અને સંચાલન હેતુથી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ECS Environment Pvt. Ltd. નામની એજન્સીને નિયુક્ત કરવામાં આવેલ છે. ECS એ ગુજરાતની મોટી ઇ-વેસ્ટ મેનેજમેન્ટ કંપની છે. જેનો વાર્ષિક 5000 મેટ્રીક ટન કેપેસીટીનો રીસાયકલીંગ પ્લાન્ટ અમદાવાદ જીલ્લામાં આવેલ છે. આ એજન્સી જીએમસીના રહેણાક, ઔદ્યોગીક, કોમર્શિયલ અને સંસ્થાકિય વિસ્તારોમાં ઇ-વેસ્ટનો ઉપાડ અને તેના નિકાલ સરકારશ્રી દ્વારા જી.પી.સી.બી ના નિયમોને આધીન રહી માન્ય કરેલ પ્રોસેસીંગની ટેકનોલોજી અને પદ્ધતિઓનો ઉપયોગ કરી તેના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરશે.

ગાંધીનગર મહાનગરપાલિકાના નાગરીકો પોતાનો ઇ-વેસ્ટના નિકાલ માટે એજન્સીનો સંપર્ક કરવા માટે વિવિધ માધ્યમો જેવાકે મહાનગર પાલિકાની વેબસાઇટ પરથી, ઇ-વેસ્ટ મોબાઇલ એપ્લીકેશન તથા કોલ સેન્ટર નંબર 898000 4000 ઉપર સંપર્ક કરી પોતાનો ઇ-વેસ્ટ આપી શકશે.